# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૧/૧૨/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **GST થકી કરવેરાના માળખાને સરળીકરણ કરવાનું શ્રેષ્ઠ કામ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ કર્યુ છે : વિનેશ મહેતા.**
- **ભારતનું અર્થતંત્ર જડમૂળમાંથી મજબૂત થઈ રહ્યું છે.**
- **GST ના પગલે ૨૭ જાતના ટેક્ષ નાબુદ થયા છે.**

આજરોજ ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં ફેડરેશન ઓફ એસોસિયેશન્સ ઓફ મહારાષ્ટ્ર ''ફામ''ના પ્રમુખ શ્રી વિનેશ મહેતાની રહબરી હેઠળ વેપારીઓનું પ્રતિનિધિ મંડળ દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવ્યું હતું. જે સંદર્ભમાં બપોરે ૧૨:૩૦ કલાકે ''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

પત્રકાર પરિષદને સંબોધન કરતા ''ફામ''ના પ્રમુખ શ્રી વિનેશ મહેતાએ જણાવ્યું કે ૭૦ વર્ષ પછી સરદાર પટેલ જેવી નિડરતા અને કુનેહ તેમજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સિધ્ધાંતોને આત્મસાત કરનાર આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ

મોદીજીના કાબેલ નેતૃત્ત્વમાં ભારતે વિશ્વમાં સુપર પાવર બનવાની દિશામાં કદમ માંડયા છે. પ્રથમ નોટબંધી અને પછી GST એ માટેનું લોચિંગ પેડ બન્યા છે.

મોદી સાહેબે પોતાને કે પોતાના પરીવારને જોયા વિના માત્ર અને માત્ર દેશના વિકાસની ખેવના રાખી છે. વિશ્વભરમાં ૧૬૬ દેશે GST અપનાવ્યો છે. ભારતમાં ૨૭ જાતના વિવિધ ટેક્ષ એમાં સામેલ કર્યા છે. પ્રથમવાર દેશમાં કરવેરાનું માળખું સરળ થયું છે જે મોદી સાહેબના પ્રયાસોને આભારી છે.

પરીવર્તન આવે ત્યારે પડકારો પણ સર્જાતા હોય છે. જેમ કે ઘરનું રીનોવેશન ચાલતું હોય તો થોડી તકલીફ સહન કરવી પડતી હોય છે. તેવી જ રીતે ભારતનું અર્થતંત્ર જડમૂળથી મજબૂત થઈ રહ્યું છે. ભ્રષ્ટાચાર નાબૂદ થઈ રહ્યો છે. પહેલા ટેક્ષ આપવાવાળા ૩ ટકા હતા જેમાં ઘણો વધારો થયો છે જેથી આપણે મોદી સાહેબના નિર્ણયોને માથે ચઢાવી દેશભક્તિની નવી મિશાલ આપીએ. "રાજ્ય મજબૂત તો દેશ મજબૂત" આવા સંજોગોમાં આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના હાથ મજબૂત બનાવીએ એવી સર્વે વેપારીઓને હૃદયપૂર્વક અપીલ કરી હતી.

ત્યારબાદ આ પ્રતિનિધી મંડળ ચેમ્બર ઓફ કોમર્સ, ટેક્ષ ફેડરેશનના વિવિધ વેપારી મંડળોને મળી તેમનો પક્ષ મુક્યો હતો.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના ભા.જ.પ.ના ધારાસભ્ય શ્રી રાજ કે. પુરોહીતજી, વેપારી મંડળ "ફામ"ના પ્રમુખ શ્રી વિનેશ મહેતા, શ્રી જીતેન્દ્ર શાહ, શ્રી ઉતમ જૈન, શ્રી રસિક કોઠારી, શ્રી પ્રિતેશ શાહ, શ્રી પરેશ કડકીયા, શ્રી નિમિત શાહ, શ્રી કમલેશ મોદી, શ્રી કિશોર શાહ, શ્રી ચંદ્ર શેખર પુજારી, શ્રી અશોક શાહ, શ્રી રસેશ દોશી સહિતના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.